**Rameshkumar P. Thakor**
**(Advocate)**
office :- D/103, Shyam Arcade, Opp. Gangotri Bunglows,
Nikol, Ahmedabad
Mo. 9726654555


---

REF. No. Title / 05 DATE : 15-04-2022

પ્રતિશ્રી

**"શ્રી હરિ ડેવલોપર્સ"**

એ નામની ભાગીદારી પેઢી

સ્થળ : દુકાન નં.૫, સદગુરૂ શરણમ, સ્વામીનારાયણ ફેમીલીની બાજુમાં,

સદગુરૂ વાટીકાની સામે, એમ.જી. રોડ, નિકોલ, અમદાવાદ-૩૮૨૩૫૦

Rameshkumar P. Thakor ADVOCATE Sanad No. G/192/1993 AHMEDABAD

**<u>ટાઈટલ ક્લીયર સર્ટીફીકેટ</u>**

સંદર્ભ :- ડીસ્ટ્રીક્ટ સબ ડીસ્ટ્રીક્ટ અમદાવાદ-૬ (નરોડા) ના અસારવા તાલુકાના મોજે ગામ મુઠીયાની સીમના ખાતા નં.૩૪૩ ના બ્લોક નં.૮૩/૩ ની હે.આરે.ચો.મી. ૦-૪૬-૫૪ વાળી જમીન જેનો સમાવેશ ટી.પી.સ્કીમ નં.૪૧૩ માં થતા આપવામાં આવેલ ફાઈનલ પ્લોટ નં.૧૩૬ ની ૨૫૧૨ ચો.મી. રહેણાંકના હેતુની તથા ૨૮૦ ચો.મી. વાણીજ્ય હેતુની એમ કુલ મળી ૨૭૯૨ ચો.મી. વાળી બિનખેતીની જમીનનું ટાઈટલ ક્લીયરન્સ સર્ટીફીકેટ.

---

આથી અમો નીચે સહી કરનાર એડવોકેટશ્રી મોજે ગામ મુઠીયાની સીમના ખાતા નં.૩૪૩ ના બ્લોક નં.૮૩/૩ ની હે.આરે.ચો.મી. ૦-૪૬-૫૪ વાળી જમીન જેનો સમાવેશ ટી.પી.સ્કીમ નં.૪૧૩ માં થતા આપવામાં આવેલ ફાઈનલ પ્લોટ નં.૧૩૬ ની ૨૫૧૨ ચો.મી. રહેણાંકના હેતુની તથા ૨૮૦ ચો.મી. વાણીજ્ય હેતુની એમ કુલ મળી ૨૭૯૨ ચો.મી. વાળી બિનખેતીની જમીનના ટાઈટલની ખરાઈ અંગે અમોએ અમદાવાદ-૧૩ (સીટી) માં અરજી નં.૧૨૨૫, પહોંચ નં.૨૦૨૨૩૧૩૦૦૨૪૮૭, તા.૧૧-૦૪-૨૦૨૨ ના રોજ સને-૨૦૧૧ થી ૨૦૨૨ સુધી તથા અમદાવાદ-૬ (નરોડા) માં અરજી નં.૬૨૩૬, પહોંચ નં.૨૦૨૨૦૦૬૦૧૬૫૨૭, તા.૧૧-૦૪-૨૦૨૨ ના રોજ સને-૧૯૯૪ થી ૨૦૨૨ સુધીના વર્ષના મેળવેલ સર્ચ રીપોર્ટથી પ્રાપ્ય માહીતી તથા જમીન માલીક દ્વારા પુરા પાડવામાં આવેલ ઉતારાઓ તથા દસ્તાવેજી પુરાવાઓની માહીતીઓ વિગેરેની ખરાઈ કરી તેનું વિગતવાર અધ્યયન કરી આ સર્ટીફીકેટ સાથે સામેલ રાખી ટાઈટલ રીપોર્ટમાં વિગતવાર માહીતી આપી પ્રમાણીત કરીએ છીએ કે મજકુર નીચે પરિશિષ્ટમાં જણાવેલ બિનખેતીની જમીનનું ટાઈટલ ક્લીયર, માર્કેટેબલ, સેલેબલ તેમજ તમામ પ્રકારના બોજા રહીત છે.

**Rameshkumar P. Thakor**
**(Advocate)**
*office :- D/103, Shyam Arcade, Opp. Gangotri Bunglows,*
*Nikol, Ahmedabad*
Mo. 9726654555


---

REF. No. Title / 05 DATE : 15-04-2022

## પરિશિષ્ટ

ડીસ્ટ્રીક્ટ સબ ડીસ્ટ્રીક્ટ અમદાવાદ- ૬ (નરોડા) ના અસારવા તાલુકાના મોજે ગામ મુઠીયાની સીમના ખાતા નં. ૩૪૩ ના બ્લોક નં. ૮૩ / ૩ ની હે. આરે. ચો. મી. ૦ - ૪૬ - ૫૪ વાળી જમીન જેનો સમાવેશ ટી. પી. સ્કીમ નં. ૪૧૩ માં થતા આપવામાં આવેલ ફાઈનલ પ્લોટ નં. ૧૩૬ ની ૨૫૧૨ ચો. મી. રહેણાંકના હેતુની તથા ૨૮૦ ચો. મી. વાણીજ્ય હેતુની એમ કુલ મળી ૨૭૯૨ ચો. મી. વાળી બિનખેતીની જમીન.

---

આજ રોજ તા...15-04-2022... ના રોજ શહેર અમદાવાદ મધ્યે.

Rameshkumar P. Thakor
ADVOCATE
Sanad No.
G/192/1993
AHMEDABAD

**Rameshkumar P. Thakor**
**(Advocate)**
office :- D/103, Shyam Arcade, Opp. Gangotri Bunglows,
Nikol, Ahmedabad
Mo. 9726654555

---

REF. No. Title / 05 DATE : 15-04-2022

Rameshkumar P. Thakor ADVOCATE Sanad No. G/192/1993 AHMEDABAD

પ્રતિશ્રી
**"શ્રી હરિ ડેવલોપર્સ"**
એ નામની ભાગીદારી પેઢી
સ્થળ : દુકાન નં.૫, સદગુરૂ શરણમ, સ્વામીનારાયણ ફેમીલીની બાજુમાં,
સદગુરૂ વાટીકાની સામે, એમ.જી. રોડ, નિકોલ, અમદાવાદ - ૩૮૨૩૫૦

ટાઈટલ ક્લીયરન્સ રીપોર્ટ

સંદર્ભ :- ડીસ્ટ્રીક્ટ સબ ડીસ્ટ્રીક્ટ અમદાવાદ - ૬ (નરોડા) ના અસારવા તાલુકાના મોજે ગામ મુઠીયાની સીમના ખાતા નં. ૩૪૩ ના બ્લોક નં.૮૩ / ૩ ની હે.આરે.ચો.મી. ૦ - ૪૬ - ૫૪ વાળી જમીન જેનો સમાવેશ ટી.પી.સ્કીમ નં.૪૧૩ માં થતા આપવામાં આવેલ ફાઈનલ પ્લોટ નં.૧૩૬ ની ૨૫૧૨ ચો.મી. રહેણાંકના હેતુની તથા ૨૮૦ ચો.મી. વાણીજ્ય હેતુની એમ કુલ મળી ૨૭૯૨ ચો.મી. વાળી બિનખેતીની જમીનનું ટાઈટલ ક્લીયરન્સ સર્ટીફીકેટ.

---

આથી અમો નીચે સહી કરનાર એડવોકેટશ્રી મોજે ગામ મુઠીયાની સીમના ખાતા નં.૩૪૩ ના બ્લોક નં.૮૩ / ૩ ની હે.આરે.ચો.મી. ૦ - ૪૬ - ૫૪ વાળી જમીન જેનો સમાવેશ ટી.પી.સ્કીમ નં.૪૧૩ માં થતા આપવામાં આવેલ ફાઈનલ પ્લોટ નં.૧૩૬ ની ૨૫૧૨ ચો.મી. રહેણાંકના હેતુની તથા ૨૮૦ ચો.મી. વાણીજ્ય હેતુની એમ કુલ મળી ૨૭૯૨ ચો.મી. વાળી બિનખેતીની જમીનના ટાઈટલની ખરાઈ અંગે અમોએ અમદાવાદ - ૧૩ (સીટી) માં અરજી નં.૧૨૨૫, પહોંચ નં.૨૦૨૨૩૧૩૦૦૨૪૮૭, તા.૧૧ - ૦૪ - ૨૦૨૨ ના રોજ સને - ૨૦૧૧ થી ૨૦૨૨ સુધી તથા અમદાવાદ - ૬ (નરોડા) માં અરજી નં.૬૨૩૬, પહોંચ નં.૨૦૨૨૦૦૬૦૧૬૫૨૭, તા.૧૧ - ૦૪ - ૨૦૨૨ ના રોજ સને - ૧૯૯૪ થી ૨૦૨૨ સુધીના વર્ષના મેળવેલ સર્ચ રીપોર્ટથી પ્રાપ્ય માહીતી તથા જમીન માલીક દ્વારા પુરા પાડવામાં આવેલ ઉતારાઓ તથા દસ્તાવેજી પુરાવાઓની માહીતીઓ વિગેરેની ખરાઈ કરી તેનું વિગતવાર અભ્યાસ કરી નીચે મુજબની માહીતી આપી જાહેર કરીએ છીએ કે....

(૧). સદરહું બ્લોક નં. : ૮૩ (જુના સર્વે નં. : ૯૧ તથા ૯૩) વાળી જમીન સને ૧૯૬૨ - ૬૩ થી બાઈ કમળા વિઠ્ઠલભાઈ ના નામે માલીક કબજેદાર તરીકે ચાલતી આવેલ તથા બીજા હકકમાં સામાન્ય ગણોતીયા તરીકે અબુજી ભટાજી તગા રેવાશંકર રામસ્વરૂપ ના નામે ચાલતી આવેલ હતી.

*Rameshkumar P. Thakor*
*(Advocate)*
*office :- D/103, Shyam Arcade, Opp. Gangotri Bunglows, Nikol, Ahmedabad*
Mo. 9726654555

---

REF. No. Title / 05 DATE : 15-04-2022

Rameshkumar P. Thakor ADVOCATE Sanad No. G/192/1993 AHMEDABAD

(૨). નોંધ નં.૧૧૭૨, તા.૦૪-૦૭-૧૯૬૬

ત્યારબાદ સદરહું જમીન અંગે ખેતીની જમીનના ન્યાયાધીકરણ સાહેબના હુકમ નં.ટી.એન.સી.૧૬૮૧, તારીખ : ૧૭/૦૭/૧૯૬૦ ના હુકમથી સદર જમીનના માલીક બાઈ કમળા વિઠ્ઠલભાઈ ને સામાન્ય ગણોતીયા અમુજી ભટાજી તથા રેવાશંકર રામસ્વરૂપે વાર્ષિક હપ્તાથી ભરવાની શરતે ખરીદવા હુકમ કરવામાં આવેલ. જે અંગેની નોંધ ગામ નમુના નં.૬ ના હક્ક પત્રકમાં એન્ટ્રી નં.૧૧૭૨ થી તા.૦૪-૦૭-૧૯૬૬ ના રોજથી નોંધવામાં આવેલ. જે નોંધ લાગતા વળગતા અધિકારી દ્વારા પ્રમાણિત કરવામાં આવેલ.

(૩). નોંધ નં.૧૩૭૯, તા.૧૧-૦૧-૧૯૭૫

ત્યારબાદ મજકુર જમીનમાં અમુજી ભટાજી તથા રેવાશંકર રામસ્વરૂપના સંયુકત નામે ચાલે છે તેમાં સર્વે નં. ૯૧ બ્લોક નં. ૮૩ પૈકી ૧ એકર ૬ ગુંઠા જમીનમાં પ્રત્યક્ષ કબજો રેવાશંકર રામસ્વરૂપનો છે તથા બ્લોક નં. ૮૩ પૈકી ૫ એકર ૨૯ ગુંઠા જમીનમાં પ્રત્યક્ષ કબજો અમુજી ભુટાજી નો છે તે મુજબ પક્ષકારોએ રૂબરૂ જવાબ આપવાથી રેવન્યુ રેકર્ડમાં નોંધ કરવામાં આવેલ. જે અંગેની નોંધ ગામ નમુના નં. ૬ ના હક્ક પત્રકમાં એન્ટ્રી નં.૧૩૭૯ થી તા.૧૧-૦૧-૧૯૭૫ ના રોજથી નોંધવામાં આવેલ. જે નોંધ લાગતા વળગતા અધિકારી દ્વારા પ્રમાણિત કરવામાં આવેલ.

(૪). નોંધ નં.૧૩૮૬ જે તા.૨૧-૦૫-૧૯૭૫

ત્યારબાદ મજકુર જુના સર્વે નં. ૯૧ ના સામાન્ય ગણોતીયા અમુજી ભટાજી એ સદર જમીનની ખરીદ કીંમતના નાણા રૂા. ૨૨૪૬-૮૧/-અંકે રૂપીયા બે હજાર બસો છેતાલીસ રૂપીયા અને એકયાશી પૈસા પુરેપુરા ભરપાઈ કરવાથી મે.મામલતદાર અને કૃષીપંચ દશક્રોઈના હુકમ નમુના નં. ૯ આવવાથી રેવન્યુ રેકર્ડમાં નોંધ કરેલ. જે અંગેની નોંધ ગામ નમુના નં. ૬ ના હક્ક પત્રકમાં એન્ટ્રી નં.૧૩૮૬ થી તા.૨૧-૦૫-૧૯૭૫ ના રોજથી નોંધવામાં આવેલ. જે નોંધ લાગતા વળગતા અધિકારી દ્વારા પ્રમાણિત કરવામાં આવેલ.

(૫). નોંધ નં.૧૫૬૯, તા.૨૯-૦૫-૧૯૮૬

ત્યારબાદ મજકુર જમીનના ખાતેદાર રેવાશંકર રામસ્વરૂપ નું બીનવસીયતે અવસાન થતા તેઓના વારસદારો તરીકે કનુભાઈ રેવાશંકર તથા મુળચંદભાઈ રેવાશકર ના નામો વારસાઈ હકકે રેવન્યુ રેકર્ડમાં દાખલ કરવામાં આવેલ. જે અંગેની નોંધ ગામ નમુના નં. ૬ ના હક્ક પત્રકમાં એન્ટ્રી નં.૧૫૬૯ થી તા.૨૯-૦૫-૧૯૮૬ ના રોજથી નોંધવામાં આવેલ. જે નોંધ લાગતા વળગતા અધિકારી દ્વારા પ્રમાણિત કરવામાં આવેલ.

**Rameshkumar P. Thakor**
**(Advocate)**
*office :- D/103, Shyam Arcade, Opp. Gangotri Bunglows,*
*Nikol, Ahmedabad*
Mo. 9726654555


---

REF. No. Title / 05 DATE : 15-04-2022

Rameshkumar P. Thakor ADVOCATE Sanad No. G/192/1993 AHMEDABAD

(૬) નોંધ નં.૧૬૧૧, તા.૧૦-૦૩-૧૯૮૪

ત્યારબાદ મજકુર જમીનના ખાતેદાર અમુજી ઉર્ફે ગીરધરભાઈ ભટાજીનું તારીખ ૨૨/૧૦/૧૯૮૯ ના રોજ અવસાન થતા તેઓના કાયદેસરના અને સીધીલીટીના વારસદાર તરીકે ભુલાભાઈ અમુજી ઉર્ફે ગીરધરભાઈ, ભગાભાઈ અમુજી ઉર્ફે ગીરધરભાઈ, કેશરબેન અમુજી ઉર્ફે ગીરધરભાઈ તથા ચેહરબેમ અમુજી ઉર્ફે ગીરધરભાઈ ના નામો વારસાઈ હકકે રેવનયુ રેકર્ડમાં દાખલ કરવામાં આવેલ. જે અંગેની નોંધ ગામ નમુના નં. ૬ ના હક્ક પત્રકમાં એન્ટ્રી નં.૧૬૧૧ થી તા.૧૦-૦૩-૧૯૮૪ ના રોજથી નોંધવામાં આવેલ. જે નોંધ લાગતા વળગતા અધિકારી દ્વારા પ્રમાણિત કરવામાં આવેલ છે.

(૭) નોંધ નં.૧૬૧૨, તા.૧૦/૦૩/૧૯૯૦

ત્યારબાદ જમીનના ખાતેદાર અમુજી ઉર્ફે ગીરધરભાઈ ભટાજીનું સને-૧૯૮૯ માં અવસાન થતા અને તેઓએ તેમની હયાતીમાં સદરહું જમીન પૈકી ૨ એકર ૧૮ ગુંઠા વાળી જમીન અંગે રજી.વીલ નં. ૮૯૩૮, તારીખ : ૧૬/૦૫/૧૯૮૮ ના રોજ બાબુભાઈ ભુલાભાઈ ની તરફેણમાં કરી આપતા વીલના આધારે બાબુભાઈ ભુલાભાઈનું નામ રેવન્યુ રેકર્ડમાં દાખલ કરવામાં આવેલ. જે અંગેની નોંધ ગામ નમુના નં. ૬ ના હક્ક પત્રકમાં એન્ટ્રી નં.૧૬૧૨થી તા.૧૦/૦૩/૧૯૯૦ ના રોજથી નોંધવામાં આવેલ. જે નોંધ લાગતા વળગતા અધિકારીશ્રી દ્વારા નામંજુર કરવામાં આવેલ છે.

(૮) નોંધ નં.૧૬૨૫, તા.૦૧/૦૧/૧૯૯૩

ત્યારબાદ મજકુર જમીનના ખાતેદારો કેશરબેન અમુજી ઉર્ફે ગીરધરભાઈ તથા ચેહરબેન અમુજી ઉર્ફે ગીરધરભાઈ એ પોતાનો હકક હિસ્સો સદર જમીનમાંથી ઉઠાવી લેતા તેઓનું નામ રેવન્યુ રેકર્ડમાંથી કમી કરવામાં આવેલ. જે અંગેની નોંધ ગામ નમુના નં. ૬ ના હક્ક પત્રકમાં એન્ટ્રી નં.૧૬૨૫ થી તા.૦૧-૦૧-૧૯૯૩ ના રોજથી નોંધવામાં આવેલ. જે નોંધ લાગતા વળગતા અધિકારીશ્રી દ્વારા પ્રમાણિત કરવામાં આવેલ છે.

(૯). નોંધ નં. ૧૭૪૬, તા.૧૨/૦૩/૧૯૯૮

ત્યારબાદ મજકુર જમીનના ખાતેદાર અમુજી ઉર્ફે ગીરધરભાઈ ભટાજીનું સને-૧૯૮૯ માં અવસાન થતા અને તેઓએ તેમની હયાતીમાં સદરહું જમીન પૈકી ૨ એકર ૧૮ ગુંઠા વાળી જમીન અંગે રજી.વીલ નં. ૮૯૩૮, તારીખ : ૧૬/૦૫/૧૯૮૮ ના રોજ બાબુભાઈ ભુલાભાઈ ની તરફેણમાં કરી આપતા વીલના આધારે બાબુભાઈ ભુલાભાઈનું નામ રેવન્યુ રેકર્ડમાં દાખલ કરવામાં આવેલ. જે અંગેની નોંધ ગામ નમુના નં. ૬ ના હક્ક પત્રકમાં એન્ટ્રી નં.૧૭૪૬ થી તા.૧૨/૦૩/૧૯૯૮ ના રોજથી નોંધવામાં આવેલ. જે નોંધ લાગતા વળગતા અધિકારીશ્રી દ્વારા પ્રમાણિત કરવામાં આવેલ છે.

(૧૦). નોંધ નં.૧૭૫૯, તા.૧૪/૧૦/૧૯૯૮

ત્યારબાદ મજકુર જમીન અંગે વિનોદભાઈ મોહનભાઈ એ બ્લોક વિભાજન કરવા મે. નાયબ કલેકટર સાહેબ વિરમગામ પ્રાંતની કચેરી, અમદાવાદમાં અરજી કરતા તેઓના હુકમ નં. જમીન.વ-૨૫૮૩-૯૮ તારીખ : ૧૩/૧૦/૧૯૯૮ થી સદર જમીનને બ્લોક વિભાજન તથા વેચાણની મંજુરી આપવામાં આવેલ. જે અંગેની નોંધ ગામ નમુના નં. ૬ ના હક્ક પત્રકમાં એન્ટ્રી નં.૧૭૫૯ થી તા.૧૪/૧૦/૧૯૯૮ ના રોજથી નોંધવામાં આવેલ. જે નોંધ લાગતા વળગતા અધિકારીશ્રી દ્વારા પ્રમાણિત કરવામાં આવેલ છે.

**Rameshkumar P. Thakor**
**(Advocate)**
office :- D/103, Shyam Arcade, Opp. Gangotri Bunglows,
Nikol, Ahmedabad
Mo. 9726654555

---

REF. No. Title / 05 DATE : 15-04-2022

Rameshkumar P. Thakor ADVOCATE Sanad No. G/192/1993 AHMEDABAD

(૧૧). નોંધ નં.૧૭૬૦, તા.૧૪-૧૧-૧૯૯૮

ત્યારબાદ મજકુર જમીનના ખાતેદાર ભગાભાઈ અમુજીએ સદર જમીન પૈકી ૩ એકર ૨૫ ગુંઠા વાળી જમીન વિનોદભાઈ મોહનભાઈ પટેલ ને વેચાણ આપેલ હોય જે અંગેની નોંધ ગામ નમુના નં. ૬ ના હક્ક પત્રકમાં એન્ટ્રી નં.૧૭૬૦ થી તા.૧૪-૧૧-૧૯૯૮ ના રોજથી નોંધવામાં આવેલ. જે નોંધ લાગતા વળગતા અધિકારી દ્વારા પ્રમાણિત કરવામાં આવેલ.

(૧૨). નોંધ નં.૧૭૬૬, તા.૨૭-૦૨-૧૯૯૯

ત્યારબાદ મજકુર જમીન અંગે મે.નાયબ કલેક્ટર સાહેબ અને વિરમગામ પ્રાંત અમદાવાદના હુકમ નંબર : જમીન.વ.૨૭૯/૯૯, તારીખ : ૨૬/૦૨/૧૯૯૯ ના હુકમ મુજબ અરજદાર ભગાભાઈ અમુજી એ બ્લોક નં. ૯૩ વાળી જમીન પૈકી ૩ એકર ૨૫ ગુંઠા વાળી જમીન વિનોદભાઈ મોહનભાઈ પટેલ ને વેચાણની મંજુરી લઈ વેચાણ આપેલ છે. અરજદાર અરજી માં જણાવેલ વિગતે હુકમમાં શરત નંબર-૧ નો નીચે મુજબનો સુધારો ગણવા આથી હુકમ કરેલ જેમાં શરત નં. ૧ મુજબ સરકારશ્રી ના કાયદાકીય જોગવાઈ મુજબ ૭/૧૨ નું પાનું વેચાણ મંજુરીથી અલગ કરી શકશે તેવો હુકમ કરવામાં આવેલ. જે અંગેની નોંધ ગામ નમુના નં.૬ ના હક્ક પત્રકમાં એન્ટ્રી નં.૧૭૬૬ થી તા.૨૭-૦૨-૧૯૯૯ ના રોજથી નોંધવામાં આવેલ. જે નોંધ લાગતા વળગતા અધિકારી દ્વારા પ્રમાણિત કરવામાં આવેલ.

(૧૩). નોંધ નં.૧૮૪૮, તા.૧૮-૧૨-૨૦૦૩

ત્યારબાદ મજકુર જમીનના ખાતેદાર કનુભાઈ રેવાશંકર નું તારીખ ૨૩/૧૦/૨૦૦૩ ના રોજ બીનવસીયતે અવસાન થતાં તેઓના સીધીલીટીના વારસદારો તરીકે (૧) તારાબેન કનુભાઈ રેવાશંકરની વિધવા (૨) મુકેશ કનુભાઈ તથા (૩) શિલ્પા કનુભાઈ ના નામો વારસાઈ હકકે રેવન્યુ રેકર્ડમાં દાખલ કરવામાં આવેલ. જે અંગેની નોંધ ગામ નમુના નં. ૬ ના હક્ક પત્રકમાં એન્ટ્રી નં.૧૮૪૮ થી તા.૧૮-૧૨-૨૦૦૩ ના રોજથી નોંધવામાં આવેલ. જે નોંધ લાગતા વળગતા અધિકારી દ્વારા પ્રમાણિત કરવામાં આવેલ.

(૧૪). નોંધ નં.૨૪૪૪, તા.૦૨-૦૫-૨૦૧૨

ત્યારબાદ સરકારશ્રીના મહેસુલ વિભાગના ઠરાવ ક્રમાંક : પફર/૧૦૨૦૧૧/૨૭૫/લ/૧, તા.૧૭-૦૩-૨૦૧૨ થી અમદાવાદ જિલ્લાના સીટી અને દસક્રોઈ તાલુકાના પુન:ગઠન કરી અમદાવાદ તાલુકાના નવા બે તાલુકા અમદાવાદ (પુર્વ) તથા અમદાવાદ (પશ્ચીમ) ની રચના કરવામાં આવેલ. જે અન્વયે દસક્રોઈ તાલુકાના મુઠીયા ગામ અમદાવાદ સીટી (પુર્વ) માં દાખલ કરવા નોંધ કરવામાં આવેલ. જે અંગેની નોંધ ગામ નમુના નં. ૬ ના હક્ક પત્રકમાં એન્ટ્રી નં.૨૪૪૪ થી તા.૦૨-૦૫-૨૦૧૨ ના રોજથી નોંધવામાં આવેલ. જે નોંધ લાગતા વળગતા અધિકારી દ્વારા પ્રમાણિત કરવામાં આવેલ.

**Rameshkumar P. Thakor**
**(Advocate)**
*office :- D/103, Shyam Arcade, Opp. Gangotri Bunglows,*
*Nikol, Ahmedabad*
Mo. 9726654555

---

REF. No. Title / 05 DATE : 15-04-2022

Rameshkumar P. Thakor ADVOCATE Sanad No. G/192/1993 AHMEDABAD

(૧૫). નોંધ નં.૨૯૯૫, તા.૧૮-૦૨-૨૦૧૫
ત્યારબાદ મજકુર જમીન અંગે મે.ડી.આઈ.એલ.આર.શ્રી, અમદાવાદના હુકમ નંબર : ડીએસઓ/ડી.આરકે/હિસ્સા દુરસ્તી/કે.જે.પી.એસ.આર.નં.૮૧૭/૧૪-૧૫, તારીખ : ૧૨/૦૨/૨૦૧૫ ના રોજ થી સદર બ્લોક નંબર ૮૩ ને બ્લોક નંબર ૮૩/૧, ૮૩/૨ તથા ૮૩/૩ એમ ત્રણ બ્લોકમાં વિભાજીત કરવામાં આવેલ અને બ્લોક નં. ૮૩/૧ ને ૧૪૬૭૦ ચો.મી., બ્લોક નં. ૮૩/૨ ને ૯૮૧૩ ચો.મી. તથા બ્લોક નં. ૮૩/૩ ને ૪૬૫૪ ચો.મી. ક્ષેત્રફળ આપવામાં આવેલ. જે અંગેની નોંધ ગામ નમુના નં.૬ ના હક્ક પત્રકમાં એન્ટ્રી નં.૨૯૯૫ થી તા.૧૮-૦૨-૨૦૧૫ ના રોજથી નોંધવામાં આવેલ. જે નોંધ લાગતા વળગતા અધિકારી દ્વારા પ્રમાણિત કરવામાં આવેલ.

(૧૬). નોંધ નં.૩૦૦૧, તા.૧૯-૦૩-૨૦૧૮
ત્યારબાદ મજકુર જમીન અંગે મે.જીલ્લા કલેકટરશ્રી (ગણોત શાખા) અમદાવાદ હુકુમ નંબર : એસીબી/ટીએનસી-૩/પ્રીમીયમ/મુઠીયા/એસ.આર.૧૫૩/૨૦૧૪એફએસટી/૧૧૦૫૫૪, તારીખ : ૧૨/૦૩/૨૦૧૮ ના હુકમ મુજબ બિનખેતી રહેણાંકના હેતુ માટે પ્રિમીયમની રકમ રૂા. ૫૮,૬૩,૨૦૦/- પુરા જમીનના કબજેદારશ્રી ભરપાઈ કરી આપતાં સદર જમીનને પ્રતિબંધિત સત્તા પ્રકારના નિયંત્રણો માંથી મુકત કરવામાં આવેલ અને બીનખેતી રહેણાંકના હેતુના હકકે હેડે દાખલ કરવામાં આવેલ. જે અંગેની નોંધ ગામ નમુના નં.૬ ના હક્ક પત્રકમાં એન્ટ્રી નં.૩૦૦૧ થી તા.૧૯-૦૩-૨૦૧૮ ના રોજથી નોંધવામાં આવેલ. જે નોંધ લાગતા વળગતા અધિકારી દ્વારા પ્રમાણિત કરવામાં આવેલ.

(૧૭). નોંધ નં.૩૦૨૪, તા.૦૨-૦૫-૨૦૧૮
ત્યારબાદ મજકુર જમીન અંગે મે.કલેકટરશ્રી અમદાવાદ ના હુકમ નંબર : એસીબી/ટીએનસી-૩/તત્કાલ.એ.એ/મુઠીયા-બ્લોક નંબર : ૮૩-૩/એસ.આર.૪૭૬/૨૧૮ એફએમપીએસ નં.૩૦૩૫૦૯, તારીખ : ૨૧/૦૪/૨૦૧૮ ના હુકમથી સદર જમીનને ૨૫૧૨ ચો.મી. રહેણાંક હેતુ તથા ૨૮૦ ચો.મી. વાણિજય હેતુ માટે બીનખેતીની પરવાનગી આપેલ. જે અંગેની નોંધ ગામ નમુના નં.૬ ના હક્ક પત્રકમાં એન્ટ્રી નં.૩૦૨ થી તા.૦૨-૦૫-૨૦૧૮ ના રોજથી નોંધવામાં આવેલ. જે નોંધ લાગતા વળગતા અધિકારી દ્વારા પ્રમાણિત કરવામાં આવેલ.

(૧૮). નોંધ નં.૩૦૪૯, તા.૦૩-૦૭-૨૦૧૮
ત્યારબાદ મજકુર જમીનના ખાતેદારો મુકેશભાઈ કનુભાઈ, તારાબેન કનુભાઈ રેવાશંકરની વિધવા, શીલ્પાબેન કનુભાઈ તથા મુલચંદ રેવાશંકરે સદર જમીન (૧) તુષાર અરવિંદભાઈ પટેલ (૨) રતિભાઈ જેઠાભાઈ બોરડ (૩) ગજેરા મંથન લાલજીભાઈ (૪) ગેડીયા અતુલભાઈ પરસોત્તમભાઈ (૫) સોજીત્રા બળવંતરાય ધીરૂભાઈ (૬) અનંતકુમાર પરસોત્તમદાસ પટેલ તથા (૭) અશોકભાઈ રામભાઈ પટેલનાઓએ તારીખ : ૧૪/૦૬/૨૦૧૮ ના રોજ રજી.વેચાણ દસ્તાવેજ નં. ૧૧૧૩૮ થી વેચાણ આપેલ. જે અંગેની નોંધ ગામ નમુના નં.૬ ના હક્ક પત્રકમાં એન્ટ્રી નં.૩૦૪૯ થી તા.૦૩-૦૭-૨૦૧૮ ના રોજથી નોંધવામાં આવેલ. જે નોંધ લાગતા વળગતા અધિકારી દ્વારા પ્રમાણિત કરવામાં આવેલ.

**Rameshkumar P. Thakor**
**(Advocate)**
*office :- D/103, Shyam Arcade, Opp. Gangotri Bunglows, Nikol, Ahmedabad*
Mo. 9726654555


---

REF. No. Title / 05 DATE : 15-04-2022

Rameshkumar P. Thakor ADVOCATE Sanad No. G/192/1993 AHMEDABAD

(૧૯). નોંધ નં.૩૧૮૨, તા.૧૧-૦૬-૨૦૧૯

ત્યારબાદ મજકુર જમીન અંગે જીલ્લા કલેકટરશ્રી અમદાવાદના હુકમ નંબર : સીબી/ત.બિ.ખે./સર્વે નં./બ્લોક નં.૮૩/૩/એસ.આર.૪૭૬/૨૦૧૮, તારીખ : ૨૭/૦૫/૨૦૧૯ ના રોજ આથી આમુખ-(૧) અત્રેના સરખા ક્રમાંકવાળો તારીખ : ૧૨/૦૩/૨૦૧૮ નો હુકુમ નંબર : એસીબી/ટીએનસી-૩/પ્રિમીયમ/એસ.આર.૧૫૩/૨૧૪ તથા આમુખ-(૨)( અત્રેના સરખા ક્રમાંકવાળો તારીખ : ૨૧/૦૪/૨૦૧૮ નો હુકુમ નંબર : એસીબી/ટીએનસી-૩ તત્કાલ.એન.એ/મુઠીયા/બ્લોક નં./સર્વે નં.૮૩/૩/એસ.આર.૪૭૬/૨૦૧૮ માં જણાવેલ અત્રેના તારીખ : ૧૨/૦૩/૨૦૧૮ તથા ૨૧/૦૪/૨૦૧૮ ના બિનખેતી પ્રિમીયમ તથા બિનખેતી પરવાનગી આપવા હુકુમમાં ટી.પી.નંબર : ૧૦૯ ને બદલે ટી.પી.નંબર : ૪૧૩ તથા ફાઈનલ પ્લોટ નં. ૮૩/૩ વાંચવા આથી સુધારા હુકમ કરવામાં આવેલ. જે અંગેની નોંધ ગામ નમુના નં. ૬ ના હક્ક પત્રકમાં એન્ટ્રી નં.૩૧૮૨ થી તા.૧૧-૦૬-૨૦૧૯ ના રોજથી નોંધવામાં આવેલ. જે નોંધ લાગતા વળગતા અધિકારીશ્રી દ્વારા પ્રમાણિત કરવામાં આવેલ છે.

(૨૦). નોંધ નં.૩૪૨૧, તા.૧૫-૦૪-૨૦૨૧

ત્યારબાદ મજકુર જમીન તેના ખાતેદાર (૧) તુષાર અરવિંદભાઈ પટેલ (૨) રતિભાઈ જેઠાભાઈ બોરડ (૩) ગજેરા મંથન લાલજીભાઈ (૪) ગેડીયા અતુલભાઈ પરસોત્તમભાઈ (૫) સોજીત્રા બળવંતરાય ધીરૂભાઈ (૬) અનંતકુમાર પરસોત્તમદાસ પટેલ તથા (૭) અશોકભાઈ રામભાઈ પટેલ નાઓની પાસેથી શ્રી હરિ ડેવલોપર્સ એ નામની ભાગીદારી પેઢીએ રજી. વેચાણ દસ્તાવેજની રૂઈએ વેચાણ રાખેલ. જેની નોંધણી અમદાવાદ-૬ (નરોડા) સબ રજી. સાહેબની કચેરીમાં અનુક્રમ નં.૭૩૬૩ થી તા.૦૫-૦૪-૨૦૨૧ ના રોજ નોંધણી કરાવેલ છે. જે અંગેની નોંધ ગામ નમુના નં. ૬ ના હક્ક પત્રકમાં એન્ટ્રી નં. ૩૪૨૧ થી તા.૧૫-૦૪-૨૦૨૧ ના રોજથી નોંધવામાં આવેલ. જે નોંધ લાગતા વળગતા અધિકારી દ્વારા તા.૩૦-૦૬-૨૦૨૧ ના રોજ પ્રમાણિત કરવામાં આવેલ છે.

(૨૧). નોંધ નં.૩૫૮૨, તા.૨૪-૦૩-૨૦૨૨

ત્યારબાદ એસ્ટેટ અધિકારી અમદાવાદ શહેરી વિકાસ સત્તા મંડળ અમદાવાદના પત્ર ક્રમાંક : એસ્ટેટ/કપાત જમીન/PRM/186/12/2021/MUTHIYA/T.P.S.NO.413 (ENASAN-MUTHIYA-BILASIYA)/136/02919, તા.૦૭-૦૩-૨૦૨૨ ના હુકમથી કપાત જમીન સત્તા મંડળને સંપ્રાપ્ત થાય છે તે અંગે કપાત જમીનની બીજા હક્કમાં રેવન્યુ રેકર્ડમાં નોંધ કરવા હુકમ કરવામાં આવેલ. જે અંગેની નોંધ ગામ નમુના નં. ૬ ના હક્ક પત્રકમાં એન્ટ્રી નં. ૩૫૮૨ થી તા.૨૪-૦૩-૨૦૨૨ ના રોજથી નોંધવામાં આવેલ.

**Rameshkumar P. Thakor**
**(Advocate)**
*office :- D/103, Shyam Arcade, Opp. Gangotri Bunglows,*
*Nikol, Ahmedabad*
Mo. 9726654555

---

REF. No. Title / 05 DATE : 15-04-2022

Rameshkumar P. Thakor ADVOCATE Sanad No. G/192/1993 AHMEDABAD

(૨૨). મજકુર જમીન ના ૭/૧૨ તથા ફેરફાર ની નોંધ જોતા મજકુર જમીન કોઈસરકારી અર્ધસરકારી કે ખાનગી વ્યકતીના હક્ક બોજો જોખમમાં કે તારણમાં હોવાનુ જણાઈ આવતુ નથી અને તે રીતે મજકુર મીલકત બોજા રહીત હોવાનુ જણાઈ આવે છે.

(૨૩). મજકુર મિલકત બાબતે અમદાવાદ-૧૩ (સીટી) માં અરજી નં.૧૨૨૫, પહોંચ નં.૨૦૨૨૩૧૩૦૦૨૪૮૭, તા.૧૧-૦૪-૨૦૨૨ ના રોજ સને-૨૦૧૧ થી ૨૦૨૨ સુધી તથા અમદાવાદ-૬ (નરોડા) માં અરજી નં.૬૨૩૬, પહોંચ નં.૨૦૨૨૦૦૬૦૧૬૫૨૭, તા.૧૧-૦૪-૨૦૨૨ ના રોજ સને-૧૯૯૪ થી ૨૦૨૨ સુધીના વર્ષના મેળવેલ સર્ચ રીપોર્ટ કરતા કોઈ વાંધા જનક નોંધ મળી આવેલ નથી તેમજ મજકુર જમીન ને લગતા આજદીન સુધી ના તમામ બોજા ભરપાઈ થઈ ગયેલ છે. અને સદર જમીન ઉપર કાઈ વ્યકતી કે સંસ્થા નો બોજો બાકી રહેલ નથી.

(૨૪). અમો એ ટાઈટલ સર્ટીફીકેટ આપવા મોજે ગામ મુઠીયાની સીમના ખાતા નં.૩૪૩ ના બ્લોક નં.૮૩/૩ ની હે.આરે.ચો.મી. ૦-૪૬-૫૪ વાળી જમીન જેનો સમાવેશ ટી.પી.સ્કીમ નં.૪૧૩ માં થતા આપવામાં આવેલ ફાઈનલ પ્લોટ નં.૧૩૬ ની ૨૫૧૨ ચો.મી. રહેણાંકના હેતુની તથા ૨૮૦ ચો.મી. વાણીજ્ય હેતુની એમ કુલ મળી ૨૭૯૨ ચો.મી. વાળી બિનખેતીની જમીનના ૭/૧૨ ના ઉતારા તથા ફેરફાર ની નોંધો રીફર કરેલા છે.

(૨૫). અમો એ ટાઈટલ સર્ટીફીકેટ આપવા મોજે ગામ મુઠીયાની સીમના ખાતા નં.૩૪૩ ના બ્લોક નં.૮૩/૩ ની હે.આરે.ચો.મી. ૦-૪૬-૫૪ વાળી જમીન જેનો સમાવેશ ટી.પી.સ્કીમ નં.૪૧૩ માં થતા આપવામાં આવેલ ફાઈનલ પ્લોટ નં.૧૩૬ ની ૨૫૧૨ ચો.મી. રહેણાંકના હેતુની તથા ૨૮૦ ચો.મી. વાણીજ્ય હેતુની એમ કુલ મળી ૨૭૯૨ ચો.મી. વાળી બિનખેતીની જમીન તથા તેમાં જવા-આવવાના તમામ પ્રકારના ચાલ નિકાલના હક્કો હિતો સહિતની જમીન માટે તા.૦૨-૦૩-૨૦૨૨ ના રોજ ગુજરાત સમાચાર અમદાવાદ ખાતે જાહેર નોટીસ દ્વારા મજકુર જમીન મા કોઈ નો હક્ક કે દર દાવો હોય તો વાંધો આવેલ નથી.

(૨૬). ટાઈટલ સર્ટીફીકેટ આપવા અંગે મોજે ગામ મુઠીયાની સીમના ખાતા નં.૩૪૩ ના બ્લોક નં.૮૩/૩ ની હે.આરે.ચો.મી. ૦-૪૬-૫૪ વાળી જમીન જેનો સમાવેશ ટી.પી.સ્કીમ નં.૪૧૩ માં થતા આપવામાં આવેલ ફાઈનલ પ્લોટ નં.૧૩૬ ની ૨૫૧૨ ચો.મી. રહેણાંકના હેતુની તથા ૨૮૦ ચો.મી. વાણીજ્ય હેતુની એમ કુલ મળી ૨૭૯૨ ચો.મી. વાળી બિનખેતીની જમીનમાં અમારૂ કોઈ પણ પ્રકારનુ પ્રત્યક્ષ અને પરોક્ષ રીતે હીત કે લાભ સમાયેલ નથી.

**Rameshkumar P. Thakor**
**(Advocate)**
office :- D/103, Shyam Arcade, Opp. Gangotri Bunglows,
Nikol, Ahmedabad
Mo. 9726654555

---

REF. No. Title / 05 DATE : 15-04-2022

આમ અમારી સમક્ષ મજકુર જમીન ના રજુ થયેલા દસ્તાવેજી પુરાવાઓ તથા ૭ / ૧૨ તથા ફેરફાર ની નોંધ જોતા મોજે ગામ મુઠીયાની સીમના ખાતા નં. ૩૪૩ ના બ્લોક નં. ૮૩ / ૩ ની હે.આરે.ચો.મી. ૦ – ૪૬ – ૫૪ વાળી જમીન જેનો સમાવેશ ટી.પી.સ્કીમ નં. ૪૧૩ માં થતા આપવામાં આવેલ ફાઈનલ પ્લોટ નં. ૧૩૬ ની ૨૫૧૨ ચો.મી. રહેણાંકના હેતુની તથા ૨૮૦ ચો.મી. વાણીજ્ય હેતુની એમ કુલ મળી ૨૭૯૨ ચો.મી. વાળી બિનખેતીની જમીનના કુલ સ્વતંત્ર માલીક અને કબજેદાર **"શ્રી હરિ ડેવલોપર્સ"** એ નામની ભાગીદારી પેઢી હોવાનુ જણાઈ આવે છે. અને મજકુર જમીન કોઈ સરકારી અર્ધસરકારી કે ખાનગી વ્યકતી ના હક્ક હીસ્સા બોજા જોખમ મા કે તારણ મા હોવાનુ જણાઈ આવતુ નથી આમ મજકુર જમીન ના હાલ ના માલીક **"શ્રી હરિ ડેવલોપર્સ"** એ નામની ભાગીદારી પેઢી છે. તેમજ મજકુર જમીન નુ ટાઈટલ ચોખ્ખા અને મોર્કેટબલ આવેલ હોઈ આ ટાઈટલ કલીયર સર્ટીફીકેટ આપવામાં આવેલ છે.

નોધ :- નોંધ નં. ૩૫૮૨ જે હાલમાં કાચી નોંધ છે જે નોંધ પ્રમાણીત કરવાની શરતે આ અભિપ્રાય આપેલ છે.

આજ રોજ તારીખ 15-04-2022 ના રોજ શહેર અમદાવાદ મધ્યે

Rameshkumar P. Thakor ADVOCATE Sanad No. G/192/1993 AHMEDABAD

[signature]